આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-12-08-2024 સમય:-સવારે 6.50 કલાકે

---------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી – કૃષિ સંશોધન સંસ્થા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સરકાર દેશના ખેડૂતોને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

સોશિયલ મીડિયા એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, તેમણે ગઈકાલે નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા ખાતે વધુ ઉપજવાળી, વાતાવરણને અનુકુળ અને જૈવિક પોષક તત્વોના પાકની 109 જાતનું વિમોચન કર્યું. આ તમામ જાત ખેતી અને બાગાયતની 65 પાકની છે. ખેતી પાકમાં બાજરી, તેલીબિયાં, કઠોળ, શેરડી, કપાસ અને અન્ય પાકના બીજનો સમાવેશ થાય છે, જ્યારે બાગાયતી પાકમાં ફળ, શાકભાજી, કંદ, મસાલા, ફૂલ અને ઔષધીય વનસ્પતિઓના બીજનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ખેડૂતો અને વૈજ્ઞાનિકો સાથે સંવાદ કરતાં કહ્યું કે, આનાથી ખેતીમાં વૃદ્ધિ થશે. ખેડૂતોએ કહ્યું કે, આ નવી જાતથી તેમનો ખર્ચ ઘટશે અને પર્યાવરણ પર પણ સારી અસર થશે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે સરકારના પ્રયાસોની પણ ખેડૂતોએ પ્રશંસા કરી હતી.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------

## રાજ્ય – અન્ન નાગરિક પુરવઠા મંત્રી

RNU BHUJ

રાજ્યના અન્ન નાગરિક પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું છે કે રાજ્યના અંત્યોદય અને ગરીબી રેખા હેઠળ એટલે કે, **BPL**માં આવતા પરિવારોને જન્માષ્ટમીના તહેવારો નિમિત્તે ખાંડ અને ખાદ્યતેલનું રાહતદરે વિતરણ કરાશે.

શ્રી બાવળિયાએ કહ્યું, રાજ્ય સરકાર ખાસ જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે આવા પરિવારોને ખાદ્યતેલ, સિંગતેલ કાર્ડદીઠ **100** રૂપિયા પ્રતિલિટરના રાહતદરે આપશે. જ્યારે **BPL** અને અંત્યોદય પરિવારોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની એક કિલો ખાંડ **22** રૂપિયા પ્રતિ કિલો તેમજ અંત્યોદય પરિવારોને ખાંડ **15** રૂપિયા પ્રતિકિલોના રાહતદરે વિતરણ કરાશે.

મંત્રીશ્રીએ કહ્યું કે, **74** લાખથી વધુ રાશનકાર્ડ ધરાવતા પરિવારના **3** કરોડ **60** લાખ લોકોને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત આ ઑગસ્ટ મહિનામાં ઘઉં, ચોખા અને "શ્રી અન્ન" બાજરી અને જુવારનું વિનામૂલ્યે વિતરણ કરાશે. આ વિતરણ રાજ્યની **17** હજારથી વધુ વાજબી ભાવની દુકાન ખાતે થઈ રહ્યું છે.

**RNU અમદાવાદ**

---

## કેન્દ્રીય મંત્રી – સુરત- તિરંગાયાત્રા

સુરત શહેરમાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઇ. આ યાત્રામાં એક લાખથી વધુ લોકો જોડાયા હતા. આ તિરંગા યાત્રામાં અલગ અલગ **20** જેટલા બેન્ડ જોડાયા હતા. બે કિલોમીટરનો રોડ તિરંગામય બન્યો હતો.. મીની ભારત તરીકે ઓળખાતા સુરતમાં અલગ અલગ રાજ્યના લોકો અલગ વેશાભૂષા ધારણ કરીને તિરંગા યાત્રામાં સામેલ થયા હતા.. સમગ્ર સુરત દેશભક્તિના રંગેરંગાઇ ગયું હતું..

**RNU અમદાવાદ**

---

## કચ્છ – ભુજ તિરંગાયાત્રા

હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત ગઈકાલે જીલ્લા મથક ભુજ ખાતે વિશાળ તિરંગા યાત્રા યોજાઈ હતી. જ્યુબિલી ગ્રાઉન્ડથી ૩૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથેની આ તિરંગા રેલીનો સાંસદ વિનોદ ચાવડાએ લીલીઝંડી આપીને પ્રારંભ કરાવ્યો હતો. આ રેલીમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો, શાળાના બાળકો, પરંપરાગત લોક નૃત્ય કલાકારો, પોલીસ બેન્ડ, રમતવીરો, આઇકોનીક વ્યકિતઓ, સામાજિક સંસ્થાઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. જયુબિલી ગ્રાઉન્ડથી પ્રસ્થાન થયેલી તિરંગાયાત્રા શહેરના મુખ્યમાર્ગ પરથી પસાર થઇને હમીરસર કાંઠે ગાંધીજીની પ્રતિમા પાસે પૂર્ણ થઇ હતી.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------------

## રાજ્ય- સરદાર સરોવર ડેમ

**સરદાર સરોવર બંધની સપાટીમાં ભારે વરસાદને પગલે સતત વધારો થતો જાય છે. નર્મદા નદીમાં કુલ ૧,૩૫,૦૦૦ કયુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નર્મદા નદીના કિનારે આવેલા ૨૫ ગામોમાં લોકોને સાવચેત રહેવા જણાવાયું છે. તથા લોકોને સલામત સ્થળે ખસી જવા સૂચના આપવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા નર્મદા અને ભરૂચ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.**

**નર્મદા ડેમની સપાટી ચાલુ સિઝનમાં પ્રથમ વખત 134.75 મીટર વટાવી ચૂકી છે.**

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------------

## રાજ્ય –વરસાદ આગાહી

રાજ્યભરમાં વરસાદનું જોર ઘટ્યું છે. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર ગઈકાલે **125** તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. આગામી બે દિવસ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વીજળીના ચમકારા સાથે **30**થી **40** કિલોમીટરની ઝડપે પવન ફુંકાવાની હવામાન વિભાગે આગાહી કરી છે..

રાજ્યભરમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગે બે દિવસ દરમિયાન યલો એલર્ટ જાહેર કર્યું છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------------------

## કચ્છ – વરસાદ આગાહી

કચ્છ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી શ્રાવણી સરવણીયા જેવો ઝરમર વરસાદ છુટા છવાયા સ્થળોએ વરસી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા આગામી એક સપ્તાહ સુધી જિલ્લામાં આવો જ ઝરમરિયા વરસાદનો માહોલ યથાવત રહે તેવી સંભાવના છે.

**N.P**

------------------------------------------------------------------------------------

## પેરિસ ઓલિમ્પિક સ્પર્ધા સમાપન

પેરિસ ઓલિમ્પિક સ્પર્ધાનું ગઈકાલે શાનદાર રંગારંગ સમારોહ સાથે સમાપન થયું. આ સ્પર્ધામાં ચીન **40** સુવર્ણ પદક સાથે ટોચ પર રહ્યું. ભારત આ સ્પર્ધામાં એક રજત અને પ કાંસ્ય એમ કુલ **6** ચંદ્રક સાથે **71**મા સ્થાને રહ્યું છે. આગામી ઓલિમ્પિક સ્પર્ધા વર્ષ **2028**માં અમેરિકાના લોસએન્જેલસ ખાતે યોજાશે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------------------